eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 88
February 2, 2007

## સુરત મહાનગરપાલિકા, જાહેર આરોગ્ય ખાતું – રકતપિત મટી શકે છે



૧. શરીરના કોઈપણ ભાગે ખંજવાળ ન આવતું ઝાંખુ રતાશ પડતું ચાંઠુ છે?
૨. હાથ પગમાં બહેરાશ છે? અથવા ન રૂઝાતું ચાંદુ છે અથવા ગરમ વસ્તુ/પાણી પડતા ખબર ન પડે/ ચુલા પાસે દાઝી જવાથી ખબર ન પડે.
૩. ચામડીનું ચળકાટ તેમજ કાનની બુટ્ટી જાડી થયેલ છે?
૪. હાથ પગમાં કીડી ચાલે તેવું લાગે છે?

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૭ના પ્રજાસત્તાક દિનની ઉજવણી



ભારતના રાષ્ટ્રીય પર્વ એવા પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે તા.૨૬–૧–૦૭ના રોજ સવારે ૯–૦૦ કલાકે રાંદેરઝોનમાં જયોતિન્દ્ર દવે ઉદ્યાન, જોગાણી નગર ખાતે મેયર ડૉ.કનુભાઈ માવાણીના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મેયરશ્રીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની અલગ અલગ વોર્ડમાં આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવાની સુચના મુજબ પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવામાં આવી રહી છે. સરકારે ૨૦૦૭નું વર્ષ નિર્મળ વર્ષ તરીકે ઘોષિત કર્યુ છે. ત્યારે શહેરના નાગરિકોએ ખભેખભા મિલાવીને સ્વચ્છતા ઝુંબેશ અને સ્વાસ્થય ઝુંબેશ અને સ્વાસ્થય જાળવણી અભિયાન ઉજવવા માટે નાગરિકોને અપીલ કરી હતી. ત્યારબાદ રમતગમત ક્ષેત્રે વિરલ સિધ્ધીઓ હાસિલ કરનાર શહેરના નીચે મુજબના ૧૯ જેટલા રમત વીરોને મેયરશ્રીના હસ્તે ટ્રોફી,પ્રમાણપત્ર તથા રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૫–૧–'૦૭ થી તા. ૩૦–૧–'૦૭ દરમ્યાન યોજાયેલ પુસ્તક મેળો



સુરત મહાનગરપાલિકા આયોજીત તા. ૨૫ થી ૨૯ જાન્યુઆરી ૨૦૦૭ દરમ્યાન વનિતા વિશ્રામ ખાતે સાતમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા–૨૦૦૭ "તથા પાંચમો બાગાયત મેળો" સુમન–૨૦૦૭ " અને ચોથો રાષ્ટ્રીય શિલ્પગ્રામ મેળો " શિલ્પ–૨૦૦૭ "નું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોને પાણી, ડ્રેનેજ, રસ્તા, લાઈટ જેવી પ્રાથમિક અને ફરજીયાત સેવા પુરી પાડવાની સાથે મનોરંજન જીવન જીવવા માટે સુંદર પર્યાવરણ પ્રદુષણ મુકત વાતાવરણ વિકસાવવાની સાથે લોકોમાં સાહિત્યક્ષેત્રમાં રૂચી કેળવાય અને અદ્યતન જાણકારી મળી રહે તેવા શુભઆશયથી સુરત મહાનગરપાલિકા છેલ્લા ૬ વર્ષથી પુસ્તક મેળો, વૃક્ષ ઉછેર અને પર્યાવરણ પ્રેમ પ્રોત્સાહિત કરવા તેમજ કલાકૃતિ વારસાને વિકસાવવા ૪ વર્ષથી બાગાયત મેળો તથા શિલ્પગ્રામ મેળાનું સફળતા પૂર્વક આયોજન કરી રહી છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા – આરોગ્ય વિભાગ – વિટામીન ' એ ' આપના બાળક માટે



સુરત મહાનગરપાલિકા તરફથી ૩૦મી જાન્યુઆરી ૨૦૦૭ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ચોકબજાર સ્થિત ગાંધીપ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મા. મેયરશ્રી ડૉ. કનુભાઈ માવાણી, ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ તથા ગાંધીપ્રેમીઓએ ઉપસ્થિત રહી ગાંધી પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ અર્પી હતી. નગર પ્રાથમિક શાળાના ભુલકાઓએ શોર્ય અભિનય ગીત તેમજ સત્યસાંઈ સેવા સમિતિના ભજનોની સુંદર રજુઆત કરી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા, જાહેર આરોગ્ય ખાતું

# રકતપિત મટી શકે છે

૧. શરીરના કોઈપણ ભાગે ખંજવાળ ન આવતું ઝાંખુ રતાશ પડતું ચાંઠુ છે?

૨. હાથ પગમાં બહેરાશ છે? અથવા ન રૂઝાતું ચાંદુ છે અથવા ગરમ વસ્તુ/પાણી પડતા ખબર ન પડે/ચુલા પાસે દાઝી જવાથી ખબર ન પડે.

૩. ચામડીનું ચળકાટ તેમજ કાનની બુટ્ટી જાડી થયેલ છે?

૪. હાથ પગમાં કીડી ચાલે તેવું લાગે છે?

કદાચ લેપ્રસી હોઈ શકે છે?

<u>મફત સલાહ અને સારવાર માટે મળો સમય સવારે ૯ થી ૫ (ઓ.) ૨૬૩૦૭૨૩</u>

નજીકના મહાનગરપાલિકાના દવાખાનામાં તથા

રકતપિત નિયંત્રણ એકમ, રકતપિત વિભાગ, ખટોદરા હેલ્થ સેન્ટર અથવા

ચામડી વિભાગ, સ્મીમેર મેડીકલ કોલેજ, સહારા દરવાજા, સુરત.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૭ના પ્રજાસત્તાક દિનની ઉજવણી

ભારતના રાષ્ટ્રીય પર્વ એવા પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે તા.૨૬–૧–૦૭ના રોજ સવારે ૯–૦૦ કલાકે રાંદેરઝોનમાં જ્યોતિન્દ્ર દવે ઉદ્યાન, જોગાણી નગર ખાતે મેયર ડૉ.કનુભાઈ માવાણીના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મેયરશ્રીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની અલગ અલગ વોર્ડમાં આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવાની સુચના મુજબ પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવામાં આવી રહી છે. સરકારે ૨૦૦૭નું વર્ષ નિર્મળ વર્ષ તરીકે ઘોષિત કર્યુ છે. ત્યારે શહેરના નાગરિકોએ ખભેખભા મિલાવીને સ્વચ્છતા ઝુંબેશ અને સ્વાસ્થય ઝુંબેશ અને સ્વાસ્થય જાળવણી અભિયાન ઉજવવા માટે નાગરિકોને અપીલ કરી હતી. ત્યારબાદ રમતગમત ક્ષેત્રે વિરલ સિધ્ધીઓ હાસિલ કરનાર શહેરના નીચે મુજબના ૧૯ જેટલા રમત વીરેને મેયરશ્રીના હસ્તે ટ્રોફી,પ્રમાણપત્ર તથા રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

| અ.નં | નામ વિગત |
|---|---|
| ૧. | શ્રી.દત્તકુમાર આર. ટંડેલ એ બેંગ્લોરખાતે યોજાયેલ સબજુનિયર એઈજગૃપ નેશનલ ચેમ્પીયનશીપ–૨૦૦૬માં ૫૦ મીટર બટરફલાય સિલ્વર મેડલ મેળવેલ તે બદલ રૂા.૨,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૨. | કુ. સ્વીટી એન. પટેલ એ ઈરાનમાં યોજાયેલ અંડર–૮ એશીયન ચેસ ચેમ્પીયનશીપ ૨૦૦૬માં ગોલ્ડમેડલ મેળવેલ તે બદલ રૂા.૧૦,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૩. | શ્રી. ચિંતન ડી. પરમાર એ શ્રીલંકામાં યોજાયેલ થર્ડ ઈન્ટર નેશનલ કરાટે ચેમ્પીયનશીપ–૨૦૦૬માં ૧૪ થી ૧૬ વર્ષની વયગૃપમાં કરાટે ફાઈટમાં ગોલ્ડ મેડલ મેળવેલ તે બદલ રૂા.૧૦,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૪. | શ્રી.પંકજ એમ. સેન એ શ્રીલંકામાં યોજાયેલ થર્ડ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપ–૨૦૦૬માં ૧૪ થી ૧૬ વર્ષની વયગૃપમાં કરાટે ફાઈટમાં ગોલ્ડ મેડલ મેળવેલ તે બદલ રૂા.૧૦,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૫. | શ્રી. રોહન બી. અમીપરાએ શ્રીલંકામાં યોજાયેલ થર્ડ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપ–૨૦૦૬ માં ૧૬ વર્ષની વયગૃપમાં કરાટે ફાઈટ માં ગોલ્ડ મેડલ મેળવેલ તે બદલ રૂા.૧૦,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૬. | શ્રી.અભિષેક એસ. પટેલ એ શ્રીલંકામાં યોજાયેલ થર્ડ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપ–૨૦૦૬માં કરાટે ફાઈટમાં સિલ્વર મેડલ મેળવેલ તે બદલ રૂા.૭,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૭. | શ્રી. અમિત આર. પટેલ એ શ્રીલંકામાં યોજાયેલ થર્ડ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપ–૨૦૦૬માં કરાટે ફાઈટમાં આપવામાં બ્રોન્ઝ મેડલ મેળવેલ તે બદલ રૂા.૫,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૮. | શ્રી.ચેતન બી. મારવીયા એ શ્રીલંકામાં યોજાયેલ ફર્સ્ટ ઈન્ડો શ્રીલંકા સ્કેટીંગ ચેમ્પીયનશીપ–૨૦૦૬માં ૧૨થી ૧૩ વર્ષની વયગૃપમાં સ્કેટીંગમાં ગોલ્ડ મેડલ મેળવેલ તે બદલ રૂા.૧૦,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૯. | શ્રી.ચંદ્રેશ એન. મકવાણા એ શ્રીલંકામાં યોજાયેલ ફર્સ્ટ ઈન્ડો શ્રીલંકા સ્કેટીંગ ચેમ્પીયનશીપ–૨૦૦૬માં ૧૨થી ૧૩ વર્ષની વયગૃપમાં સ્કેટીંગમાં ગોલ્ડ મેડલ મેળવેલ તે બદલ રૂા.૧૦,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૧૦. | શ્રી.શૈલેષ પી. સોરઠિયા એ શ્રીલંકામાં યોજાયેલ ફર્સ્ટ ઈન્ડો શ્રીલંકા સ્કેટીંગ ચેમ્પીયનશીપ–૨૦૦૬માં ૧૭ વર્ષની અંદર વયગૃપમાં સ્કેટીંગમાં સિલ્વર મેડલ મેળવેલ તે બદલ રૂા.૭,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૧૧. | શ્રી.વિવેક ડી. ઘેવરીયા એ શ્રીલંકામાં યોજાયેલ ફર્સ્ટ ઈન્ડો શ્રીલંકા સ્કેટીંગ ચેમ્પીયનશીપ–૨૦૦૬માં ૧૭ વર્ષની અંદર વયગૃપમાં સ્કેટીંગમાં સિલ્વર મેડલ મેળવેલ તે બદલ રૂા.૭,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૧૨. | શ્રી.રવિ એલ. માંગુકિયા એ શ્રીલંકામાં યોજાયેલ ફર્સ્ટ ઈન્ડો શ્રીલંકા સ્કેટીંગ ચેમ્પીયનશીપ–૨૦૦૬માં ૧૨થી ૧૩ વર્ષની વયગૃપમાં સ્કેટીંગમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ તે બદલ રૂા.૫,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૧૩. | શ્રી. વિવેક ડી. આફ્રિકાવાળા એ શ્રીલંકામાં યોજાયેલ થર્ડ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપ–૨૦૦૬માં |

| | |
|---|---|
| | ૧૫ વર્ષની વયગૃપમાં કરાટે ફાઈટ  બ્રોન્ઝ મેડલ મેળવેલ તે બદલ રૂા.૫,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૧૪. | શ્રી.અંકિત કે. ખોખાણી એ શ્રીલંકામાં યોજાયેલ ફર્સ્ટ ઈન્ડો શ્રીલંકા સ્કેટીંગ ચેમ્પીયનશીપ–૨૦૦૬માં ૧૨ થી ૧૩ વર્ષની વયગૃપમાં સ્કેટીંગમાં બ્રોન્જ મેડલ મેળવેલ તે બદલ રૂા.૫,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૧૫. | શ્રી.રાકેશકુમાર કે. ટેલર એ શ્રીલંકામાં યોજાયેલ થર્ડ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપ–૨૦૦૬ સ્પર્ધામાં ભાગ લેવા જવા માટે આપવામાં આવેલ, જેમાં તેઓએ  સિલ્વર મેડલ મેળવેલ તે બદલ રૂા.૭,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૧૬. | કુ.પૂજા નરેશ ચૌઋષિ એ ભોપાલ ખાતે યોજાયેલ ઈન્ડીયન ટ્રાયથ્લોન ફેડરેશન–૨૦૦૬માં એકવાથ્લોન અને ટ્રાયથ્લોન સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવવા બદલ રૂા.૩,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૧૭. | શ્રી.વિનોદ જે. બામણીયા એ શ્રીલંકામાં યોજાયેલ થર્ડ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપ–૨૦૦૬ માં કરાટે ફાઈટમાં ગોલ્ડ મેડલ મેળવેલ તે બદલ રૂા.૧૦,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૧૮. | કુ.પ્રિયંકા ડી.સેલર એ રાજકોટખાતે યોજાયેલ ગુજરાત સ્ટેટ એકવાટીક ચેમ્પયનશીપ–૨૦૦૫માં ૫૦મીટર બેક સ્ટ્રોક તરણ  સ્પર્ધામાં ત્રીજો ક્રમ મેળવેલ તે બદલ રૂા.૧,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |
| ૧૯. | કુ.હિમાની એન. ડુગ્ગર એ અમદાવાદ ખાતે યોજાયેલ ૫૧માં નેશનલ સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડીયા–૨૦૦૫માં સ્કેટીંગ ચેમ્પીયનશીપમાં સિલ્વરમેડલ મેળવેલ તે બદલ રૂા.૨,૦૦૦/–રોકડ પુરસ્કાર, પ્રસંશાપત્ર તથા સ્મૃતિભેટ એનાયત કરી સન્માન કરવામાં આવે છે. |



ઉપરાંત એલ.એસ.જી.ડી.પરીક્ષામાં વિશિષ્ટ દેખાવ કરનાર ૪ જેટલા મહાનગરપાલિકાના કર્મચારીઓ તેમજ ધોરણ–૧૦ અને ધોરણ–૧૨માં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર ૪ જેટલા મહાનગરપાલિકાના બાળકોને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

ત્યારબાદ રાંદેર વિસ્તારની રીવરડેલ એકેડમી, સરસ્વતી વિધાલય, વિધાકુંજ શાળા અને રેડીયન્ટ ઈંગ્લીશ મિડીયમ એકેડમીના વિધાર્થી–વિધાર્થીનીઓએ દેશભકિત પર આધારિત સાંસ્કૃતિ કાર્યક્રમો રજુ કરી હાજર રહેલા મહાનુભાવો તેમજ શહેરીજનોના દીલ જીતી લીધા હતા. અને કરાંટેના રમતવીરોએ ડેમોન્સ્ટ્રેશન રજુ કર્યુ હતું. ત્યારબાદ મેયરશ્રીએ નિર્મળ ગુજરાતના સંકલ્પ લેવડાવ્યા હતા. આ ઉપરાંત સાંજે ૭–૦૦ કલાકે સરદારબ્રીજ પાસે તાપી નદીના પટમાં શીવક્રેકર્સ નવસારી બજારના સહયોગથી આતશબાજીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ ધ્વજવંદન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડે.મેયર ર્ડા.સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેશાઈ, વિરોધ પક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડીયા, ડે.કમિશ્નરશ્રી(સ્પે) પી.જે.ઝાલા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, માજી.મ્યું.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, નગરજનો તથા જુદી જુદી શાળાના બાળકો હાજર રહયા હતા. સરકારશ્રીએ રાષ્ટ્રીય પર્વની ઉજવણી સફળ બનાવવા માટે રાંદેર ઝોનના ઝોનલ ચીફ શ્રીએમ.ડી.દારૂવાળા, ઝોનલ ઓફિસરશ્રી ડી.સી.ગાંધી તથા અન્ય અધિકારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

TOP

# તા. ૨૫–૧–'૦૭ થી તા. ૩૦–૧–'૦૭ દરમ્યાન યોજાયેલ પુસ્તક મેળો

સુરત મહાનગરપાલિકા આયોજીત તા. ૨૫ થી ૨૯ જાન્યુઆરી ૨૦૦૭ દરમ્યાન વનિતા વિશ્રામ ખાતે સાતમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા–૨૦૦૭ " તથા પાંચમો બાગાયત મેળો " સુમન–૨૦૦૭ " અને ચોથો રાષ્ટ્રીય શિલ્પગ્રામ મેળો " શિલ્પ–૨૦૦૭ "નું આયોજન કરવામાં આવ્યું હતું.



સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોને પાણી, ડ્રેનેજ, રસ્તા, લાઈટ જેવી પ્રાથમિક અને ફરજીયાત સેવા પુરી પાડવાની સાથે મનોરંજન જીવન જીવવા માટે સુંદર પર્યાવરણ પ્રદુષણ મુકત વાતાવરણ વિકસાવવાની સાથે લોકોમાં સાહિત્યક્ષેત્રમાં રૂચી કેળવાય અને અદ્યતન જાણકારી મળી રહે તેવા શુભઆશયથી સુરત મહાનગરપાલિકા છેલ્લા ૬ વર્ષથી પુસ્તક મેળો, વૃક્ષ ઉછેર અને પર્યાવરણ પ્રેમ પ્રોત્સાહિત કરવા તેમજ કલાકૃતિ વારસાને વિકસાવવા ૪ વર્ષથી બાગાયત મેળો તથા શિલ્પગ્રામ મેળાનું સફળતા પૂર્વક આયોજન કરી રહી છે. ગતવર્ષે ફેબ્રુઆરી ૨૦૦૬માં યોજાયેલ પુસ્તકમેળામાં અંદાજીત ૧૦ લાખ લોકોએ મુલાકાત લીધી હતી. શહેરના નાગરિકો તેમજ વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શકિતઓને ખીલવવા સુરત મહાનગરપાલિકા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરતી રહી છે. આ વર્ષે પણ પુસ્તકમેળામાં પોટ પેઈન્ટીંગ, દેશભકિતગીત, વકતૃત્વ સ્પર્ધા, ચિત્રકામ તેમજ પ્રાર્થના ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વિજેતાઓને તા.૩૦–૧–૨૦૦૭ના રોજ સાંજે ૬.૩૦ કલાકે શિલ્ડ તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતાં.



આ કાર્યક્રમમાં મા. મેયરશ્રી કનુભાઈ માવાણી, સ્થાયી સમિતિના ચેરમેન શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ છાયાબેન ભૂવા, ગાર્ડન સમિતિના ચેરમેન શ્રીમતિ રેણુકાબેન શાહ, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, નગરજનો ઉપસ્થિત રહયા હતાં.

આ પુસ્તક મેળો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોને મનભરીને શહેરના સાહિત્ય રસિક અને પર્યાવરણ, કલાપ્રેમી પ્રજાજનોએ વધુમાં વધુ લાભ લીધો હતો.

TOP

# તા. ૩૦–૧–૨૦૦૭ના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ગાંધીપ્રતિમાને ભાવાંજલિ અર્પણ કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા તરફથી ૩૦મી જાન્યુઆરી ૨૦૦૭ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે ચોકબજાર સ્થિત ગાંધીપ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી, ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધ પક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ તથા ગાંધીપ્રેમીઓએ ઉપસ્થિત રહી ગાંધી પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ અર્પી હતી. નગર પ્રાથમિક શાળાના ભુલકાઓએ શોર્ય અભિનય ગીત તેમજ સત્યસાંઈ સેવા સમિતિના ભજનોની સુંદર રજુઆત કરી હતી.

TOP